**Selected verses of Ana(n)t Akhado to be sung before evening prayers during Jamati mushkil aasan satado and on the following Friday**

**Day 3**

આશાજી સંધ્યા વેલા તમે મત કોઈ ચુકો, એ છે ગુરની એંધાણીજી;
એ વેલા તમને દીધી, કીધી તે દીનની બારી. હરી० (૨૫૨)

આશાજી બીજી વેલા એંહીજ જાણો, રાત ઘડી છ ગઇ જાણોજી;
તે તો બારી દરગા તણી, ગુરથી થાવો હુશીઆર. હરી. (૨૫૩)

આશાજી ત્રીજી સંધ્યા પાછલી જાણો, ખટ ઘડી પરમાણોજી;
એ બારી સરગની ભણીએ, લેવે ગુરને હાથ. હરી० (૨૫૪)

આશાજી ચોથી બારી નહીં કુછ બોલે, નીત નીત કરવી વધાઈજી;
ગુરનરસું નીત હેતજ રાખો તો પહોંચો સરગદુઆર. હરી. (૨૫૫)

આશાજી પાંચમી બારી દસોંદની કહીએ, તે સહુથી મોટી જાણોજી;
તે માંહે તમે રહો હુશીયાર, તો રહેશો ગુરનરને સાથ. હરી. (૨૫૬)
આશાજી સરગ મરત પઇયારજ કહીએ, તે સરવેઇ જીવ તમારાજી;
સહુના વર તો તમને જાણું, સોહી જાણું દેવ મોરાર. હરી. (૧૩૦)

આશાજી હમ કુછ નાંહી તમે છો સરવે, શ્રેવા તમારી હમ લીઅણાજી;
તમારા બંદા તે તમેહી તારો, તો નામ રહે ઇલાહી. હરી. (૧૮૮)

**(Please go to the next page)**

**Day 3 (continued)**

આશાજી કરો કમાઈ ને કીરીઆં કરો, એવો દેવ મોરારજી,
ફઝલ કરો હો મોરા સામી, અદલે જીવ ન છુટે. હરી० (૨૧૩)

આશાજી ફઝલ કરો તો ત્યાં ઘણા છુટે, મેહેર કરો મોરા સામીજી;
પીર પેગમ્બર જીવ તમારા, સુણો તેની ફરીયાદ. હરી० (૨૧૪)

આશાજી સાર સરોવર કમાઈ ન ચુકે, તે માંહે પાર ઉતારોજી;
હાથીડું દઈને ઉગારો મોરા સામી, થાવો માઈ ને બાપ. હરી (૨૧૫)

આશાજી ધંધો કરવા દુનીયામાંહે આવ્યા, લેવા આપ દીદારજી;
નવ પાંતી તમે લઈને ચાલો, દસમી નઃજીને આલો. હરી. (૩૫૪)

આશાજી સુનકાલમાંહે તપ ના કહીએ, તીયાં દસોંદ દેતાજી;
નુર નર તો તારે એકલા રહેતા, ત્યાંથી હુઈ દસોંદ. હરી० (૩૫૫)

આશાજી સુનકાળમાંહેથી રચના કીધી, તીસ દીન દસોંદ લીખાણીજી;
ગુર ગીનાન વેદ વીચારો, તો દસોંદ વીના નહી છુટો. હરી. (૩૫૬)

આશાજી દસોંદ દેવે ને સીદકે રહેવે એહી મોમન સાચાજી;
આડો મારગ તેઓને નાંહી, ને ભેટ્યા શાહના દીદાર. હરી. (૩૫૭)

**Original Source:** Pir Hasan Kabirdin's Ana(n)t Akha*d*o. Published by the Ismailia Association for India, Bombay, 1949; 1952.